મહત્તમ : ૩૭.૨ ડીગ્રી
લઘુતમ : ૨૬.૫ ડીગ્રી
ભેજ
સવારે ૮૪ ટકા ● સાંજે ૬૭ ટકા
ગાંધીનગર તાપમાન

કોરોનાકાળ દરમિયાન તારીખ ૬ ડિસેમ્બર ૨૦૨૦થી ૨ જુલાઈ ૨૦૨૧ દરમિયાન મૃત્યુ પામેલ પાંચ હજાર સ્વજનના અસ્થિનું હરિદ્વાર ખાતે ૫ જુલાઈના રોજ શહેર વસાહત મહામંડળના પ્રતિનિધિ ઉદયભાઈ ત્રિવેદી તથા હર્ષાબા ઘાંઘલ સહિત દસ બહેનો દ્વારા વિસર્જન કરવામાં આવ્યા બાદ સળંગ પાંચ દિવસ હરિદ્વારમાં જ શાંતિપાઠ કર્યા હતા.

ગાંધીનગરના લારી-પાથરણાં વેપારીઓના એસોસિએશન પ્રગતિ લારી પાથરણા મંડળના પ્રમુખ તુલસીભાઈ માલી, ઉપપ્રમુખ કનુભાઈ વાલેરા, રમેશભાઈ ઠક્કર, વિનોદભાઈ મીર, જયેન્દ્રસિંહ બિહોલા, વિરભદ્રસિંહ રાઠોડ તથા સંજય મેહતા વગેરેના પ્રતિનિધિ મંડળે નવા મ્યુનિસિપલ કમિશનર ડો. ધવલ પટેલ અને નિવાસી અધિક કલેક્ટર રીતુ સિંઘની શુભેચ્છા મુલાકાત લીધી હતી. જેમાં તેમણે અધિકારીઓને આવકારવા સાથે તેમની હોકર્સ લાયસન્સ સહિતની સમસ્યાઓ અંગે પણ ચર્ચા કરી હતી જે બાબતે અધિકારીઓએ સકારાત્મક પ્રતિભાવ દર્શાવ્યો હતો.

સેકટર-૨૧ ખાતે મહારાષ્ટ્ર સમાજ ભવનનું લોકાર્પણ

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર શહેરના સેકટર-૨૧ ખાતે મહારાષ્ટ્રીયન સમાજ દ્વારા નવનિર્મિત મહારાષ્ટ્ર ભવનનું આજરોજ ગુજરાત રાજયના ડે.સીએમ નિતિનભાઈ પટેલ તેમજ ભાજપ પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલના હસ્તે ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ભાજપના પ્રદેશ મહામંત્રી રજનીભાઈ પટેલ, પ્રદિપસિંહ વાઘેલા તેમજ બક્ષીપંચ મોરચાના ઉપાધ્યક્ષ નાજાભાઈ ઘાંઘર સહિત શહેર ભાજપના આગેવાનો, હોદેદારો સહિત મહારાષ્ટ્રીય સમાજના ભાઈ બહેનો મોટીસંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

શહેરના સે-૨૧ ખાતે મહારાષ્ટ્ર ભવનના ઉદ્‌ઘાટન પ્રસંગે આવેલા ડે.સીએમ નિતિનભાઈ પટેલ અને પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલ દ્વારા નવા ભવનનું બારીકાઈથી નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે હાજર સૌ મહારાષ્ટ્રીયન સમાજના આગેવાનો અને ભાઈ બહેનોને નવા ભવનના નિર્માણ બદલ શુભેચ્છાઓ પાઠવી હતી. સુવિધાઓથી સજ્જ ભવન આગામી સમયમાં સમાજ માટે ઉપયોગી સંસાધન સાબિત થશે તેવો વિશ્વાસ વ્યકત કર્યો હતો. મહારાષ્ટ્રીયન સમાજ દ્વારા સૌ મહાનુભાવોનું ખેસ અને મોમેન્ટો આપી સન્માન કરાયું હતું. ત્યારે આ પ્રસંગે ગુજરાત પ્રદેશ બક્ષીપંચ મોરચાના ઉપાધ્યક્ષ નાઝાભાઈ ઘાંઘર દ્વારા મહારાષ્ટ્રીયન સમાજને રૂ. ૧ લાખનું દાન આપવામાં આવ્યું હતું. આ પ્રસંગે ધારાસભ્ય શંભુજી ઠાકોર, મહાનગર ભાજપના પ્રમુખ રૂચીર ભટ્ટ, પૂર્વ મેયર રીટાબેન પટેલ, સહિત મોટી સંખ્યામાં સમાજના ભાઈ બહેનો અને ભાજપના આગેવાનો હાજર રહ્યા હતા.

ગાંધીનગર આઈઆઈટીના સંશોધકોએ એન્ટી વાયરલ સરફેસ કોટિંગમટિરિયલ વિકસાવ્યું

કોરોના કાળમાં વાયરસ ચેપથી રક્ષણ માટે ઉપયોગી : ઘરની વસ્તુઓ પર સરળતાથી લગાડી શકાય છે : ભારતીય પેટન્ટ માટે અરજી કરાઇ

ગાંધીનગર, તા.૧૩

છેલ્લા બે વર્ષથી કોરોના વાયરસે વિશ્વભરમાં ભારે તબાહી મચાવી છે. માત્ર જ નહીં પરંતુ વિશ્વભરમાં અસંખ્ય પ્રકારના વાયરસ વિવિધ રીતે માનવ જીવનને અસર કરી રહ્યાં છે ત્યારે વાઇરસથી બચવા એ આજે જીવનનો એક મુખ્ય પડકાર બની ગયો છે. આ સમયે ગાંધીનગરના પાલજ ખાતેની આઈઆઈટી દ્વારા એન્ટિવાઈરલ સરફેસ કોટીંગ વિકસાવાયું છે જે ઘરની ચીજવસ્તુઓ પર લગાડી દેવાથી તેના પર વાઈરસ લાગવાની શક્યતા નહિવત થઈ જાય છે. આ સંશોધન અત્યારના સમયે જાહેર સ્વાસ્થ્યને અનુલક્ષીને ખૂબ જ મહત્ત્વનું સાબિત થઈ શકે તેમ છે. જોકે હજુ આ મટિરિયલને કોરોના વાયરસ સામે ટેસ્ટ આપવાનો બાકી છે.

આઇઆઇટી-ગાંધીનગરની અખબારી યાદીમાં જણાવાયું છે કે તેના સંશોધકોએ એક એન્ટી-વાયરલ સરફેસ કોટિંગમટિરિયલ વિકસાવ્યુ છે જે નોન-પેથોજેનિક વાયરસ પર ખૂબ અસરકારક છે, તે બિન-ઝેરી હોવા સાથે, પર્યાવરણને અનુકૂળ છે તેમજ પારદર્શક પણ છે. એન્ટીવાઈરલ સરફેસ કોટીંગ મટીરિયલનર બનાવવા માટે નોન-સ્ટોઈકોમેટ્રિક આકાર રહિત ટાઈટેનિયમ ઑકસાઈડના બિન-ઝેરી અને આવશ્યક તત્વોનો ઉપયોગ કોટિંગના સંશ્લેષણ માટે કરવામાં આવ્યો છે, જે તેને ટકાઉ અને એન્ટિ-વાયરલ બનાવે છે. આ મટિરિયલ માત્ર ૪૫ નેનોમીટર જેટલી જાડાઈ ધરાવે છે જે તમામ પ્રકારની સપાટીઓ પર સરળતાથી લાગી શકે છે. આ કોટિંગ ટકાઉ, રાસાયણિકરૂપે સ્થિર હોવાનું જાણવા મળ્યું છે અને સબસ્ટ્રેટ વસ્તુ સાથે સઙ્ઘડતાથી ચીપકી જાય છે. આ ઉપરાંત ગ્લાસ, મેટલ, સ્ટીલ, સિલિકોન અને ટેફલોનથી લઈને વિવિધ પ્રકારના ઈન્ડોર અને આઉટડોર સબસ્ટ્રેટ્સ પર સરળતાથી લગાવી શકાય છે મતલબ કે કાચની બારીઓ, કાચના દરવાજા, લાકડાના અને પ્લાસ્ટિકના ફર્નિચર, ડોર હેન્ડલ્સ, અન્ય હેન્ડલ્સ, ઘરેલુ ઉપકરણો, ઈલેકટ્રોનિકસ, વાહનો અને ઑટોમોબાઈલ્સ જેવી વસ્તુઓ પર લગાવામાં તે ખૂબ ઉપયોગી થઈ શકે છે. આ કોટિંગને વાયરસ સ્ટ્રેઈન્સ એટલે કે વારંવાર સ્પર્શાતી સપાટીના સંપર્કમાં લાવવાના અનેક પરીક્ષણો પછી ટીમને જણાયું કે કોટિંગની એન્ટિ-વાયરલ પ્રવૃત્તિ ઘણી વાર ધોવાયા પછી પણ યથાવત રહે છે. આમ, તે વાયરલ ચેપ અને વારંવાર સ્પર્શાતી સપાટીઓથી તેના સંક્રમણને અટકાવીને જાહેર આરોગ્યની પરિસ્થિતિને સુધારવામાં નોંધપાત્ર ફાળો આપી શકે છે. જો કે ટીમે હજી સુધી કોરોના વાયરસ સામે કોટિંગનું પરીક્ષણ કર્યું નથી.

એન્ટિ-વાયરલ સરફેસ કોટિંગ વિકસાવનાર ટીમ

★ પ્રો. એમિલા પાંડા, એસોસિએટ પ્રોફેસર, મટિરિયલ્સ એન્જિનિયરિંગ
★ પ્રો.અભય રાજ સિંહ ગૌતમ, સહાયક પ્રોફેસર, મટિરિયલ્સ એન્જિનિયરિંગ
★ પ્રો. વિરૂપાક્ષી સોપીના, રામલિંગસ્વામી ફેલો, બાયોલોજીકલ એન્જિનિયરિંગ
★ નિશાબેન એમ. પટેલ, પીએચડી વિદ્યાર્થીની, બાયોલોજીકલ એન્જિનિયરિંગ
★ રવિ તેજા મિત્તિરેડ્ડી, પીએચડી વિદ્યાર્થી, મટિરીયલ્સ એન્જિનિયરિંગ



ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લીક સ્કૂલમાં ચિત્રસ્પર્ધા યોજાઈ



ગાંધીનગર, તા.૧૩

૧૦ જુલાઈ શનિવારના રોજ રાંધેજા, ઈન્ટરનેશનલ પબ્લીક સ્કૂલમાં ચિત્ર સ્પર્ધા યોજાઈ હતી. જેમાં સંસ્થાના તમામ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. ચિત્ર સ્પર્ધામાં ધોરણ ૬ થી ૯માં 'કુદરતી દેશ્યાવલિ' અને ધોરણ ૧ થી ૫માં 'મારા મનપસંદ રમકડાં' અથવા 'કાર્ટૂન' જેવા વિષયો પર ખૂબ જ સુંદર ચિત્રો દોરીને રંગપૂર્ણી કરેલ હતી. તેમજ શિક્ષકો અને આચાર્યશ્રી દ્વારા વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરાયા હતા.

શ્રી જે.એમ. ચૌધરી શાળામાં શ્રધ્ધાંજલિ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૧૩

શ્રી જે.એમ. ચૌધરી શાળાના પીટી ટીચર વિનાક્ષીબેન સુતરિયાનું કોરોનામાં અકાળે અવસાન થયું હતું. તેમણે તા. ૨૫ એપ્રિલ ૨૦૨૧ના રોજ આ ફાની દુનિયાને અલવિદા કીધી હતી. તેથી મંડળના પ્રમુખ હરિભાઈ, ઉપપ્રમુખ શંકરભાઈ, કેમ્પસ ડાયરેકટર યશવંતભાઈએ શ્રધ્ધાંજલિ પાઠવી હતી અને શાળાના આચાર્યા રમીલાબેન ચૌધરીએ સ્મરણાંજલિ અર્પી હતી. શાળાના સુપરવાઈઝર ચારુલબેને મરણોત્તર સન્માનપત્ર વાંચી અર્પણ કર્યું હતું.

એસ.એસ.વી. શાળામાં રથયાત્રા પર્વની ઉજવણી

ગાંધીનગર, તા.૧૩

આ વર્ષે કોરોનાની મહામારીના લીધે શહેરમાં યાત્રા ફરવી મુશ્કેલ હતી પરંતુ ગાંધીનગરની એસ.એસ.વી. શાળાના વિદ્યાર્થીઓએ નાના નાના રથ બનાવીને ભગવાન જગન્નાથની આરાધના કરી હતી અને ભગવાનને પ્રાર્થના કરી હતી કે આવતા વર્ષ સુધીમાં કોરોનાનો અંત આવી જાય અને પહેલાની જેમ ભગવાન ફરીથી ધામધૂમ સાથે નગર યાત્રા કરી શકે.

શ્રી જે.બી. પ્રાથમિક શાળા દ્વારા ઓનલાઈન પ્રવૃત્તિ યોજાઈ

ગાંધીનગર, તા.૧૩

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રી જે.બી. પ્રાથમિક શાળાના ધોરણ ૬ થી ૮ના વિદ્યાર્થીઓ માટે 'ભીંડાની મદદથી વિવિધ આકારો' બનાવવાની ઓનલાઈન પ્રવૃત્તિનું આયોજન કરાયું હતું. જેમા કુલ ૭૪ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓએ વાલીઓના સહકાર અને શિક્ષકોના માર્ગદર્શન હેઠળ ભીંડાની છાપમાં વિવિધ રંગો ભરી સુંદર મજાના ચિત્રો રજૂ કર્યા હતા. જેમાં શાળાના આચાર્ય નીવાબેન પટેલે ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.

રૂપાલ ગામની સીમમાંથી ૪ પશુઓની ચોરી

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાંથી પશુઓ ચોરીના કિસ્સા વધુ સામે આવી રહ્યા છે. ઘર થી દુર વાડામાં બાંધેલા પશુઓને રાત્રીના અંધારામાં લઈને ચોર શખ્સો ભાગી જાય છે. ત્યારે ગાંધીનગર નજીક રૂપાલ ગામની સીમમાં ભાચમ તલાવડી પાસે બોરકુવાર પરથી ચાર ભેંસને જીપ ડાલામાં નાંખી ચોર શખ્સો ફરાર થઈ ગયા છે. જયારે એક પશુને જીપ ડાલામાં ચડાવતી વખતે વાગી જતા તે બચી જવા પામી હતી.

મળતી વિગત મુજબ રૂપાલ ગામની સીમમાં બોરકુવા પર ખેતરમાં કામ કરતા હમીરજી ગેમરજી ઠાકોર અને તેમના ભાઈ ચપાજી ગેમરજી ઠાકોર (મુળ રહે.બનાસકાંઠા) રોજગારી મેળવે છે. પોતાના પરિવારનું સારી રીતે ગુજરાન ચલાવી શકાય તે માટે ખેતીની સાથે સાથે પશુ પાલન માટે પશુઓ રાખે છે.ત્યારે ગતરોજ રાત્રીના સમયે સુઈ રહ્યો હતો તે સમયે તબેલામાં પશુઓ રાખ્યા હતા તે મુજબના હતા. પરંતુ વહેલી સવારે ઉઠીને તબેલામાં જોયુ તો ૪ દુધાળા પશુઓ ગાયબ હતા. તે સમયે આસપાસના ખેતરમાં રહેતા અન્ય ભાઈઓને પશુઓ અંગે પુછતાછ કરી હતી. પરંતુ ક્યાંય પશુઓ જોવા ન મળતા આખરે પશુઓ ચોરી અંગે પેથાપુર પોલીસ મથકે અરજી આપવામાં આવતા પોલીસે તે દિશામાં તપાસ શરુ કરી છે.

સીમા સુરક્ષાદળના ડાયરેક્ટર જનરલ રાકેશ અસ્થાનાએ સોમવારે ગાંધીનગર ખાતેના ગુજરાત ફ્રન્ટિયર યુનિટની મુલાકાત લીધી હતી. આ પ્રસંગે આઈજી જી.એસ. મલિકે ગુજરાત ફ્રન્ટિયરની સુરક્ષાત્મક અને વહીવટી કામગીરી અંગે માહિતગાર કર્યા હતા. ડીજી રાકેશ અસ્થાનાએ બીએસએફના ઉચ્ચ અધિકારીઓ સાથે પણ બેઠક યોજી સીમા સુરક્ષા સહિતના સામુહિક વિષયો તથા ગુજરાત ફ્રન્ટિયરના સીમાદર્શન સહિતના પ્રોજેક્ટ્સ અંગે ચર્ચા-વિચારણા કરી તેની પ્રસંશા કરી હતી.

લાયન્સ, લાયોનેસ અને લીઓ કલબનો શપથવિધિ સમારોહ યોજાયો

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગરની લાયન્સ, લાયોનેસ અને લીઓ કલબનો શપથવિધિ સમારોહ તાજેતરમાં યોજાયો હતો. જેમાં લાયન્સ કલબના પ્રમુખપદે પદમસિંહ ચૌહાણ, લાયોનેસના પ્રમુખપદે નીતાબેન રાણા અને લીઓ પ્રમુખપદે ઋત્વિક પટેલ સહિત ત્રણેય પાંખના હોદેદારોએ શપથગ્રહણ કર્યા હતા. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન પદે રાજયના પૂર્વ ગૃહમંત્રી રજનીભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

લાયન્સ સંસ્થાઓના પૂર્વ ડસ્ટ્રિકટ ગવર્નર ડૉ. શપથવિધિ સમારોહમાં સંસ્થાના પ્રવિણકાન્ત દવેએ ઈન્સ્ટોલેશન ઓફિસર તરીકે શપથ લેવડાવ્યા હતા. કાર્યક્રમમાં લાયન્સ કલબના પૂર્વ હોદેદારો તથા સભ્યો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. લાયન્સ કલબના મંત્રી પદે વિવેકસિંહ ચૌહાણ અને ખજાનચી તરીકે પ્રીતિબેન શર્મા, લાયોનેસના મંત્રી પદે ઉષાબેન ટાટુ અને ખજાનચી પદે વિમલાબેન આયાચી તથા લીઓના મંત્રી પદે મહર્ષિ દવે અને ખજાનચી પદે રિધ્ધિ આચાર્યએ શપથ લીધા હતા.

જન્મદિને વધામણી

શૈલેન્દ્ર ઠાકોર
મો. ૯૯૨૪૭ ૮૩૩૪૨

જે એન પરીખ
મો. ૯૪૦૯૫ ૩૩૩૧૩

જનકસિંહ આર બિહોલા
મો. ૯૨૬૫૬ ૯૨૮૧૯

વત્સલ મેહુલ પટેલ
મો. ૮૪૦૧૦ ૦૬૪૬૭

કલ્પેશ ઈશ્વરભાઈ નાયી
મો. ૯૭૩૭૮ ૮૧૭૭૪

દરજી વેદકુમાર સચિનભાઈ
મો. ૯૮૨૪૬ ૯૧૬૨૬

જગદીશ ઠાકોર
દ્વારકેશ ઝેરોક્ષ

નીતિન બી પ્રજાપતિ

હેતાર્થ જોશી

કીથ ભાવેશ કાપડિયા
મો. ૯૮૯૮૪ ૮૫૮૬૭

મનહરસિંહ વાઘેલા

શંકરસિંહ વાઘેલા બાપુ ઈન્સ્ટીટયુટ ઓફ નર્સિંગ મા દીપ પ્રાગટ્ય સમારોહ યોજાયો

ગાંધીનગર, તા.૧૩

બાપુ ગુજરાત નોલેજ વિલેજ કેમ્પસ સંચાલિત શંકરસિંહ વાઘેલા બાપુ ઈન્સ્ટીટયુટ ઓફ નર્સિંગ ખાતે બી.એસ.સી. નર્સિંગની ત્રીજી બેચ અને એ.એન.એમ.ની ચોથી બેચના વિદ્યાર્થીઓનો દીપ પ્રાગટ્ય સમારોહ તાજેતરમાં યોજાયો હતો. દીપ પ્રાગટ્ય સમારોહ એ દરેક નર્સના જીવનનો એક શુભ પ્રસંગ છે, જે દીવા સાથેની મહિલા, ફ્લોરેન્સ નાઈટિંગલના આદરમાં રાખવામાં આવે છે. દીવો પ્રગટાવવાની વિધિ સ્ટુડન્ટને ઉપચારિક રૂપે વિદ્યાર્થીઓની નર્સિંગ વ્યવસાયમાં પ્રવેશને માન્યતા આપે છે. આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે - ડૉ. પ્રજ્ઞા ડાભી, રજિસ્ટ્રાર, જી.એન.સી. અમદાવાદ, માનનીય ટ્રસ્ટી શ્રી ભરતસિંહ વાઘેલા, કેમ્પસ ડાયરેક્ટર ડૉ. રવિ કુમાર, એ.એન.એમ નર્સિંગના આચાર્ય જ્યોત્સાનાબેન અને બી.એસ.સી નર્સિંગના આચાર્ય ભૂમિ પંડ્યા ઉપસ્થિત રહ્યા હતા. સર્વે મહાનુભાવોએ વિદ્યાર્થીઓને શુભેચ્છાઓ પાઠવી અને નર્સિંગ વ્યવસાયમાં રહેલ ઉજ્જવળ કારકિર્દી માટે માર્ગદર્શન આપ્યું હતું. આ કાર્યક્રમનું આયોજન અને સંચાલન નર્સિંગ કોલેજ સમગ્ર ફેકલ્ટી દ્વારા કરવામાં આવેલ હતું.

ચિરવિદાય

● મુક્તિધામ ●

- **સ્વ. રબારી રઘુભાઈ નાથાભાઈ,** ઉ.વ. ૫૯, પેથાપુર
- **સ્વ. સુથાર નટવરલાલ પ્રાણલાલ,** ઉ.વ. ૬૧, સે-૨૬, જીઆઈડીસી
- **સ્વ. પટેલ ચિરાગ ભગવાનદાસ,** ઉ.વ. ૪૫, સે-૨૬, ગ્રીનસીટી
- **સ્વ. જોષી હર્ષાબેન શિવપ્રસાદ,** ઉ.વ. ૭૦, સેકટર-૫

● રૂદ્રભૂમિ ●

- **સ્વ. પરમાર નીરૂબેન ડાહ્યાભાઈ,** ઉ.વ. ૬૫, સુઘડ
- **સ્વ. ભટ્ટ પ્રવિણચંદ્ર ભીખાલાલ,** ઉ.વ. ૭૫, સે-૩ એ ન્યુ